ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0



ગાંધીનગર બન્યું ભુવા નગર... - હળવાથી મધ્યમ વરસાદથી ગાંધીનગરના નજર લાગે તેવા માર્ગો પણ ભુવાના ભોગ બન્યા... હમણા જ બનેલ અને દર બે વર્ષે વાયબ્રન્ટ સમિટ વખતે ફેસીયલ કરાવતો ખ-રોડ પરના આ ભુવા સૌને શરમીંદા કરી દે છે... આખા રાજ્યની નજર લાગે તેવા માર્ગ ગાંધીનગરમાં છે... અને ગાંધીનગરવાસીઓ જાણે છે કે, દર ચોમાસે એની અસલિયત અનુભવાય છે... કોણ જાણે કેમ આ વખતે હજુ ૩૫-૪૦ ટકા વરસાદમાં ઠેર ઠેર ખાડા પડતાં પાટનગર વગોવાઈ ગયું... બસ હવે તો આવા ફોટા છાપવાનું કે જોવાનું ન ગમે એટલા ભુવા પડ્યા છે...

# એક સપ્તાહ સુધી વરસાદનુ જોર ઘટશે

**ઓગષ્ટના પ્રથમ બે સપ્તાહમાં ભારે વરસાદ થશે**

ગાંધીનગર તા ૨૭

રાજયના વિવિધ ભાગોમાં જુલાઈ મહીનામાં મેઘરાજા ભરપુર વરસ્યા બાદ હવે જુલાઈના અંતિમ દિવસોમાં વરસાદનુ જાર ઘટી જશે જયારે આગામી તા ૩ ઓગષ્ટ બાદ રાજયના વિવિધ વિસ્તારમાં તા ૧૪ ઓગષ્ટ સુધી હળવો, મધ્યમ અને ભારેથી અતિભારે વરસાદ

**તાપી અને સાબરમત્તી અને નર્મદાનુ જળ સ્તર વધશે : મધ્ય , ઉત્તર ગુજરાત , સૌરાષ્ટ્ર , કચ્છ અને દક્ષિણ ગુજરાત સહીતના વિવિધ વિસ્તારમાં વરસાદ હળવો , મધ્યમ અને ભારેથી અતિભારે વરસાદ વરસશે**

થશે નર્મદા, તાપી અને સાબરમત્તી નદીના જળ સ્તરમાં પણ વધારો થશે તેમ હવામાન શાસ્ત્રીએ જણાંવ્યુ છે.

જાણીતા હવામાન નિષ્ણાંત અંબાલાલ દા પટેલના જણાંવ્યા મુજબ રાજયમાં ચાલુ મહીના દરમિયાન વિવિધ ભાગોમાં ભારેથી અતિભારે વરસાદના લીધે ઠેર ઠેર જળબંબાકારની સ્થિતિ જોવા મળી છે. જયારે અતિભારે વરસાદના સંજોગોમાં નુકશાન પણ વિશેષ થયુ છે. દક્ષિણ ગોળાર્ધના ભાગોમાં પણ આ વખતે વરસાદ પડવાના દિવસો વધુ રહ્યા છે. ભારતના દક્ષિણ ભાગમાં અને પ્રશાંત મહાસાગરમાં ઉદભવતી વિશિષ્ટ સ્થિતિના લીધે આ વર્ષે વરસાદનુ પ્રમાણ વધુ છે. એકંદરે દેશમાં વરસાદની સ્થિતિ સારી છે. અગાઉ આ સ્થિતિ વચ્ચે ૧૯૬૧,૧૯૭૩, ૭૫ અને ૭૬ ના વર્ષમાં પણ અતિભારે વરસાદ થયો હતો. જયારે બે દશક પહેલા પણ જુન મહીનામાં પણ અતિભારે વરસાદના લીધે જનજીવનને માંઠી અસર થઈ હતી. જયારે હવે જુલાઈના અંતિમ દિવસોથી અલબત્ત ૨૭ જુલાઈ બાદ રાજયમાં ધીંમે ધીમે વરસાદનુ જોર ઘટશે. જયારે એક સપ્તાહ બાદ દેશમાં ચોમાસુ પુન: સક્રીય થવાના સંજોગો છે. આગામી તા ૩ ઓગષ્ટથી સુર્ય આશ્લેષા નક્ષત્રમાં આવતા રાજયના કેટલાક

● અનુસંધાન પાન-૭ પર

# માઈક્રોશોપિંગની દુકાનોમાં પેટાભાડુઆતોની તપાસ કરાશે

**પેટાભાડુઆતો દ્વારા દુકાનોમાં શેડ બાંધી ધાબુ અને દિવાલ ચણીને મંજુરી વિના જ વધારાનુ બાંધકામ કરી દીધુ હોવાની પણ ફરિયાદો ઉઠવા પામી છે :**

ગાંધીનગર તા ૨૭

ગાંધીનગરના સેકટરોમાં વર્ષો અગાઉ ફાળવવામાં આવેલી માઈક્રોશોપિંગની દુકાનોમાં લાંબા સમયના અંતે પણ કોઈ ફેરફાર કરાયો નથી જો કે દુકાનોની ફાળવણીના અંતે ઘણાં કીસ્સામાં લાભાર્થીઓએ પોતાની દુકાનો પેટાભાડુઆતોને આપી દીધી છે જયારે તંત્રની મંજુરી વિના બાંધકામમાં પણ સુધારા વધારા કર્યા છે. ઘણી દુકાનોમાં ફાઈબરના શેડ કરીને નાની મોટી દિવાલો પણ તાંણી બાંધી છે. આ સમગ્ર મામલે હવે તંત્ર દ્વારા તપાસ કરવામાં આવશે તપાસના અંતે કસુરવારને નોટીસ આપી આગળ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ગાંધીનગરમાં નાના વેપારીઓને ધંધો રોજગાર પુરો પાડવા માટે વર્ષો અગાઉ માઈક્રોશોપિંગની દુકાનો તૈયાર કરવામાં આવી હતી. જયારે સેકટરોમાં તૈયાર કરાયેલી આ દુકાનો લાભાર્થીઓને ફાળવી દેવાયા બાદ હજુ આ પૈકીની કેટલીક દુકાનો બિન ઉપયોગી અલબત્ત ખંડેર હાલતમાં હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે જયારે આ દુકાનો પેટાભાડુઆતોને આપી દેવામાં આવી હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે. જો કે વર્ષોના અંતે પણ પાટનગર યોજના વિભાગ કક્ષાએથી દુકાનોના બાંધકામ સંદર્ભે સમય મુજબ કોઈ ફેરફાર કરાયો નથી પરંતુ પેટાભાડુઆતોના હાથમાં દુકાનોનો કબજો ગયા બાદ ઘણી દુકાનોમાં ફાઈબર પતરાના શેડ તેમજ દિવાલો ચણીને નવુ બાંધકામ પણ કરી દેવાયુ હોવાનુ ધ્યાને આવી રહ્યુ છે. સેકટરોમાં લારી ગલ્લાના દબાણો થતા અટકે અને નાના વેપારીઓને રોજગારી મળે તેવા આશયથી આ દુકાનો બાંધવામાં આવી હતી જો કે હવે સમય જતા પેટાભાડુઆતોની સાથે દુકાનોમાં કોઈપણ મંજુરી વિના જ બાંધકામ કરી દેવામાં આવતુ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જેના લીધે સેકટરોમાં આ દુકાનો આસપાસ દબાણો પણ વધી રહ્યા છે. દુકાનોમાં ફાઈબરના શેડ કરી ધાબા ભરી દેવાયા છે. જયારે આ દુકાનોના કેટલાક કબજેદારો શહેરના પણ નથી અલબત્ત બહારના છે. ત્યારે નિયમ વિરુધ્ધની આ ગતિવિધિઓ સામે હવે તંત્ર દ્વારા તપાસ હાથ ધરાશે તેમ પણ સ્પષ્ટ થયુ છે. સેકટરોમાં સ્થિત ઈન્કવાયરી કચેરી કક્ષાએથી તપાસનો દૌર ચાલુ કરાશે. જયારે તપાસના અંતે નોટીસ આપી આગળ કાર્યવાહી કરાશે તેમ પણ અંતરંગ સુત્રોમાંથી જાણવા મળ્યુ છે.

# વાવોલ-ઉવારસદ માર્ગ પર રેલવે ફાટક પર ઓવરબ્રિજ તૈયાર કરવાની યોજના વિલંબમાં

**ફોરલેન માર્ગ પર સ્થિત ફાટકના લીધે આ વિસ્તારમાં બોટલ નેક ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળે છે : ઓવરબ્રિજ તૈયાર કરવા માટે અંદાજિત ૫૫ કરોડના ખર્ચનુ આયોજન : ડિટેઇલ પ્રોજેકટ રીપોર્ટ તૈયાર કરાયા બાદ યોજના આગળ વધી નથી**

ગાંધીનગર તા ૨૭

વાવોલ ઉવારસદ માર્ગ પર સ્થિત રેલવે ફાટક પર ઓવરબ્રિજ બાંધવાની યોજના આગળ વધતી નથી આ વિસ્તારમાં ફાટક પાસે રોજબરોજ બોટલ નેક સ્થિતિમાં ટ્રાફિક જામ થાય છે જેના લીધે વાહનચાલકોની પરેશાની વધી છે ફાટક મુકત ગુજરાત અન્વયે આ જગ્યાએ રૂ ૫૫ કરોડના ખર્ચે ઓવરબ્રિજ તૈયાર કરવાનુ આયોજન કરાયુ છે. પરંતુ ડિટેઈલ પ્રોજેકટ રીપોર્ટ તૈયાર કરાયા બાદ હજુ આગળ કોઈ ગતિવિધિ હાથ ધરવામાં આવી નથી.

વાવોલ ઉવારસદ માર્ગ પર સ્થિત રેલવે ફાટક પર ઓવરબ્રિજ બાંધવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. ફોરલેન બ્રિજ તૈયાર કરવા માટે રેલવે મંત્રાલય અને ગુજરાત સરકાર દ્વારા આ કામ હાથ ધરવા માટે નિર્ણય લેવાયો છે. ફાટક મુક્ત ગુજરાત અન્વયે આ કાર્યયોજનાને અનુલક્ષી રૂ ૫૫ લાખના ખર્ચનો અંદાજ પણ તૈયાર કરાયો છે. જયારે આ કામગીરીને અનુલક્ષી ડીટેઈલ પ્રોજેકટ રીપોર્ટ તૈયાર કરવાની કામગીરી એજન્સીને સોંપવાનો નિર્ણય લેવાયો હતો પરંતુ ત્યારબાદ કામ આગળ વધી શકયુ નથી. વાવોલમાં ક - ૩ સર્કલ પાસે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાય છે. બોટલનેક ટ્રાફિકના લીધે પરિસ્થિતિ અત્યંત ગંભીર બને છે. ટ્રાફિક જામના દ્રશ્યો વચ્ચે વાહનચાલકો પરેશાન છે. આ ટ્રાફિકની સમસ્યા નિવારવા માટે ફોરલેન માર્ગ કરી દેવાયો છે. જયારે ફાટકના લીધે બોટલ નેક ટ્રાફિક જામ થાય છે જેના લીધે વાહનચાલકોએ સમય વેડફવાનો વારો આવે છે. આ સ્થિતિ વચ્ચે માર્ગ સલામતી પણ જોખમાઈ છે. ટ્રેઈન પસાર થતી વેળાએ પણ ધ્વનિ અને વાયુ પ્રદુષણની માત્રા ખુબ જ વધી જાય છે. આ વિસ્તારમાં ફાટક બંધ હોય ત્યારે મેગાસીટીની જેમ ટ્રાફિક જામ થઈ જાય છે.

# કોરોના વકર્યો : શહેરમાં નવા ૨૪ અને ગ્રામ્યમાં ૨૭ કેસ

**આજે નોંધાયેલા કેસ કરતાં રિકવરી બાદ ડિસ્ચાર્જ મેળવનાર વધુ : શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં આઈઆઈટીમાં ૫, ઈન્ફોસીટીમાં અને સરગાસણમાં ૩-૩ કેસ, પેથાપુરમાં ૪ તેમજ બોરીજ, વાવોલમાંથી કેસો મળ્યા : સે. ૨ માંથી ૩ અને સે. ૧૨ માંથી ૨ કેસ ઉપરાંત સે. ૪ અને સે. ૨૭માંથી પણ કેસ મળી આવેલ : ગાંધીનગર જિલ્લાના ગ્રામ્યવિસ્તારમાં આજે ૨૭ કેસ નોંધાયા જેમાં દહેગામમાં ૯, ગાંધીનગર-માણસામાં ૩-૩ અને કલોલમાં ૧૨ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેર-જિલ્લામાં બે દિવસ દમ્યાન કોરોનાના ઘટાડાના ટ્રેન્ડથી વિપરીત આજે કોરોના વકર્યો છે. શહેરમાં કોરોનાના નવા ૨૪ અને ગ્રામ્ય વિસ્તારમાં નવા ૨૭ કેસ નોંધાયા છે.

શહેર-જિલ્લામાં જે રીતે કેસોની વધ-ઘટ જોવા મળી રહી છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. શહેર જિલ્લામાં કોરોનાના મોટા ભાગના કેસો લોકલ ટ્રાન્સમિશનથી વધી રહ્યા છે.

શહેર-જિલ્લામાં કોરોનાના ટેસ્ટીંગમાં પણ વધારો કરવામાં આવ્યો છે. શહેર-જિલ્લામાં આર.ટી.પી.સી.આર. ટેસ્ટ પર વધુ ભાર મુકવામાં આવી રહ્યો છે. શહેર-જિલ્લામાં બેવડી ઋતુ પ્રવર્તતી હોવાથી પણ તંત્ર ચિંતાતુર છે. વાયરલ ફિવરના કેસો વધી રહ્યા છે.

શહેર-જિલ્લામાં કોરોનામાં રિકવરી રેટ ૯૦ ટકા ઉપર નોંધાયો હોવાથી તંત્રને રાહત જરૂર છે.

શહેર-જિલ્લામાં આજે ૩૫૦ જેટલા એક્ટીવ કેસો સારવાર હેઠળ છે. શહેર-જિલ્લામાં આજે નોંધાયેલા કેસ કરતાં રિકવરી બાદ ડિસ્ચાર્જ મેળવનાર દર્દી વધુ છે. શહેરમાં ૨૭ અને ગ્રામ્યમાં ૩૧ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે નવા ૨૪ કેસ કોરોનાના નોંધાયા છે. આજે નોંધાયેલા કેસોમાં ૧૨ મહિલા દર્દીઓ તેમજ ૬૦થી વધુ વય ધરાવતા દર્દી નોંધાયા છે. મહિલાઓના કેસોમાં સતત થઈ રહેલા વધારાને લઈ તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્યવિસ્તાર તેમજ આઈઆઈટી સંકુલમાં કોરોનાના કેસો મળતાં તંત્ર ચિંતાતુર બન્યુ છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં આઈઆઈટીમાં ૫, ઈન્ફોસીટીમાં અને સરગાસણમાં ૩-૩ કેસ, પેથાપુરમાં ૪ તેમજ બોરીજ, વાવોલમાંથી કેસો મળ્યા છે. સે. ૨ માંથી ૩ અને સે. ૧૨ માંથી ૨ કેસ ઉપરાંત સે. ૪ અને સે. ૨૭માંથી પણ કેસ મળી આવેલ છે. શહેરમાં સંક્રમણ વધી રહ્યાનું તંત્રના સૂત્રો દ્વારા આડકતરો એકકાર કરવામાં આવ્યો છે. હવે શહેરના જુદા જુદા વિસ્તારો સંવેદનશીલ બનીને ઉભરી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર




Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com